**ક્રિમી.પર.અ.નં.૫૯૩૨/ ૨૦૨૨**

**FILE NO. DRI/AZU/GI-02/ENQ-30/2022, Customs Act- 135 ના કામે આરોપી ધરમરાજ રાધેશ્યામ મીના ધ્વારા સી.આર.પી.સી.કલમ-૧૬૭(૨) અન્વયેની ડીફોલ્ટ જામીન મેળવવા કરેલ અરજી લગત હુકમ.**

---

(૧) હાલના કામે આરોપી તરફે વિ.વકીલશ્રી આર.જે. મહેરા ધ્વારા હાલની ડીફોલ્ટ બેલની અરજી દાખલ કરવામાં આવેલ છે, જેમાં આરોપીને કસ્ટમ એકટની કલમ-૧૩૫ મુજબના ગુનામાં તા.૧૦/૦૭/૨૦૨૨ ના રોજ સક્ષમ અધિકારીએ અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરતા નામદાર કોર્ટે તા.૧૧/૦૭/૨૦૨૨ ના રોજ આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપેલ હતા. હાલની અરજીમાં જણાવેલ છે તે અનુસાર અરજદાર/આરોપીએ અત્રેની અદાલત સમક્ષ તેમને જામીન મુકત કરવા અરજ ગુજારેલ હતી જે અરજ અત્રેની અદાલતે નામંજુર કરેલ છે. આમ, આરોપી તા.૧૧/૦૭/૨૦૨૨ ના રોજથી આજદીન સુધી એટલે કે જામીન અરજી રજુ કરી તે તા.૧૫/૦૯/ ૨૦૨૨ સુધી એકધારી જયુડીશીયલ કસ્ટડીમાં રહેલ છે. હાલની અરજીમાં જણાવવામાં આવેલ છે તે અનુસાર કસ્ટમ એકટની કલમ-૧૩૫ અન્વયે કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતાં અરજદાર /આરોપી વિરુઘ્ધનો ગુનો પુરવાર થયેથી મહત્તમ સાત વર્ષ સુધીની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે અને તે અનુસાર ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૧૬૭ ધ્યાને લેતાં ફરીયાદપક્ષે આરોપી વિરુઘ્ધ દિન-૬૦ માં ચાર્જશીટ/ફરીયાદ દાખલ કરી દેવી પડે. પરંતુ ફરીયાદપક્ષે આજદીન સુધી આરોપી વિરુઘ્ધ ફરીયાદ કે ચાર્જશીટ દાખલ કરેલ ન હોય આરોપીને ડીફોલ્ટ બેલ ઉપર જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં આરોપી નામદાર કોર્ટ ધ્વારા ફરમાવવામાં આવેલ તમામ શરતોનું પાલન કરવા રાજી હોય તે અનુસાર જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

(૨) અરજદાર/આરોપી તરફે હાલની અરજી તા.૧૫/૦૯/૨૦૨૨ ના રોજ દાખલ થતા તેના ઉપર અત્રેની અદાલતના આસીસ્ટન્ટ સુપ્રિટેન્ડન્ટશ્રીનો શેરો ઘ્યાને લેતાં હાલના ગુનાના કામે અરજદાર/આરોપી વિરુઘ્ધ ફરીયાદ કે ચાર્જશીટ દાખલ થયેલ નથી તેવી હકીકત અત્રેની અદાલતના રેકર્ડ ઉપર આવેલ છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રીની રજુઆત છે કે, અરજદાર/આરોપી તા. ૧૧/૦૭/૨૦૨૨ ના રોજથી અરજી દાખલ કરી ત્યાં સુધી એકધારી જયુડીશીયલ કસ્ટડીમાં છે અને

આરોપી વિરુધ્ધ જે ગુનાનો આક્ષેપ છે તેમાં સજાની જોગવાઈ સાત વર્ષ સુધીની હોઈ ફરીયાદપક્ષ તરફે ૬૦ દિવસ સુધીમાં પ્રોસીકયુશન/ફરીયાદ/ચાર્જશીટ દાખલ કરવું જોઈએ જે તા. ૧૫/૦૯/૨૦૨૨ એટલે કે ૬૦ દિવસ પુરા થયેલ હોવા છતાં રજુ થયેલ નથી. આથી અરજદાર/ આરોપી ક્રી.પ્રો.કો.ની કલમ– ૧૬૭(૨) ની જોગવાઈઓ અન્વયે Default Bail ઉપર મુકત થવા હકકદાર છે તેવી દલીલો કરી અરજદાર/આરોપીને જામીન મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષ તર્ફે રજુઆત કરેલ છે કે હાલના કામે સમય મર્યાદા પુરી થયેલ હોવા છતાં આરોપી વિરુધ્ધ પ્રોસીકયુશન લોન્ચ કરવામાં આવેલ નથી તે હકીકત સત્ય છે, પરંતુ આરોપી વિરુધ્ધ ગંભીર પ્રકારના ગુનાના આક્ષેપો જોતા તેઓને જામીન મુકત કરવા જોઈએ નહી. વધુમાં તેઓએ જણાવેલ છે કે, અરજદાર સામે તપાસ ચાલુ હોઈ હાલમાં તેઓની સામે ફરીયાદ દાખલ કરેલ નથી અને જો નામદાર કોર્ટ સદર કામે અરજદાર/આરોપીને જામીન મુકત કરવાના તારણ ઉપર આવે તો આરોપીની હાજરી સીકયોર કરવી ખુબ જ જરુરી હોય આરોપીને સધ્ધર રકમના જામીન તથા આકરી શરતોને આધીન આરોપીને જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

(૫) આરોપી તરફેની રજુઆતો, જામીન અરજી તથા રેકર્ડ ઉપરની હકીકત ધ્યાને લીધી, સાંભળ્યા. આ કામે રેકર્ડ ઉપર રજુ હકીકતો ધ્યાને લેતાં હાલના ગુનાના કામે અરજદાર/આરોપીને તા.૧૦/૦૭/૨૦૨૨ નારોજ અટક કરી આરોપીને તા.૧૧/૦૭/૨૦૨૨ ના રોજ અદાલત સમક્ષ રજુ કરતા આરોપીને અદાલત ધ્વારા જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવેલ છે અને અરજદાર/આરોપી તરફે અત્રેની કોર્ટમાં જામીન મુકત કરવા જામીન અરજી રજુ કરેલ જે રજુ જામીન અરજી નામંજુર થતા આરોપી તા.૧૧/૦૭/૨૦૨૨ ના રોજ થી સળંગ અને એકધારી જયુડીશીયલ કસ્ટડીમાં હોવાનું ફલીત થાય છે. આ કામે આરોપી વિરુધ્ધ કસ્ટમ એકટની કલમ ૧૩૫ અન્વયેનો ગુનો નોંધાયેલ છે જે અન્વયે મહત્તમ સજાની જોગવાઈ ધ્યાને લેતાં સદર ગુનો પુરવાર થયેથી મહત્તમ સાત વર્ષ સુધીની સજા કરી શકાય છે. ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૧૬૭ ધ્યાને લેતાં આ પ્રકારના ગુનામાં તપાસ એજન્સીએ આરોપી વિરુધ્ધ દિન–૬૦ માં ફરીયાદ/ચાર્જશીટ રજુ કરી દેવી પડે. પરંતુ અત્રેની અદાલતના આસીસ્ટન્ટ સુપ્રિટેન્ડન્ટશ્રીનો શેરો ધ્યાને લેતાં આરોપી વિરુધ્ધ આજદીન સુધી પ્રોસીકયુશન લોન્ચ કરવામાં આવેલ હોય તેમ જણાઈ આવતું નથી. ફરીયાદપક્ષની રજુઆત ધ્યાને લેતાં પણ આ કામે આરોપી

વિરુધ્ધ ફરીયાદ દાખલ કરવામાં આવેલ હોય તેમ જણાઈ આવતું નથી. રેકર્ડ ઉપરની હકીકત ધ્યાને લેતાં આરોપીએ ડીફોલ્ટ જામીન ઉપર છુટવા માટે હાલની અરજી તા.૧૫/૦૯/૨૦૨૨ ના રોજ કરેલાનું જણાઈ આવે છે. જેથી તા.૧૧/૦૭/૨૦૨૨ થી તા.૧૫/૦૯/૨૦૨૨ સુધીમાં ૬૦ દિવસ પુરા થાય છે કે કેમ ? તે અત્રેની અદાલતે ચકાસવાનું રહે છે. આ બાબતે નીચે કોષ્ટકમાં જણાવ્યા મુજબની ગણતરી કરવામાં આવેલ છે.

| અ.નં. | વિગત | દિવસ |
|---|---|---|
| ૧ | ૧૧/૦૭/૨૨ (કોર્ટમાં રજુ કર્યા તારીખ) થી તા.૩૧/૦૭/૨૨ | ૨૧ |
| ૨ | તા.૦૧/૦૮/૨૦૨૨ થી તા. ૩૧/૦૮/૨૦૨૨ | ૩૧ |
| ૩ | તા.૦૧/૦૯/૨૦૨૨ થી તા.૧૫/૦૯/૨૦૨૨ | ૧૫ |
| | કુલ દિવસો.......... | ૬૭ |

આમ, આરોપી સામે જે ગુનાનો આક્ષેપ છે તેમા સજાની જોગવાઈ અને ક્રી.પ્રો.કો.કલમ – ૧૬૭(૨) અન્વયે કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતાં ૧૦ વર્ષ કે તેથી ઓછી સજાની જોગવાઈવાળા કેસોમાં તપાસ એજન્સીએ આરોપીને અટક કર્યાથી ૬૦ દિવસમાં તપાસ પુર્ણ કરી કોર્ટમાં ફરીયાદ/ચાર્જશીટ કરી દેવુ જોઈએ. હાલનાં કેસમાં તેવું કોઈ ચાર્જશીટ ઉપર જણાવ્યા મુજબ આરોપીને અટક કર્યાથી આજદિન સુધી એટલે કે ૬૦ દિવસ પુર્ણ કરેલ હોવા છતાં અત્રેની અદાલતમાં રજુ થયેલ નથી. તેવા સંજોગોમાં આરોપીનો ડીફોલ્ટ જામીન ઉપર છુટવાનો અબાધીત અધિકાર ઉત્પન્ન થઈ ગયેલાનું અત્રેની અદાલતનું માનવું છે. આ તબકકે અત્રેની અદાલતે ના. ગુજરાત હાઈકોર્ટે આલમખાન ઉમરખાન જાટ મલેક ના ચુકાદામાં સુચવેલ સિધ્ધાંતો ધ્યાને લીધેલ છે તેમજ નામદાર વડી અદાલત તથા સર્વોચ્ચ ન્યાયાલયના વખતોવખતના ચુકાદાઓ ધ્યાને લેવામાં આવેલ છે. તેમજ ઉપરોકત કરેલ ચર્ચા અનુસાર હાલના કામે આરોપીનો જામીન મુકત થવાનો અબાધીત અધિકાર ઉત્પન્ન થયેલાનું અત્રેની અદાલત માનતી હોય અને તેવા સંજોગોમાં આરોપીને ડીફોલ્ટ જામીન ઉપર મુકત કરવો અત્રેની અદાલતને ન્યાયોચીત જણાતું હોઈ જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–: <u>હુ ક મ</u> :–**

અરજદાર/આરોપી ધરમરાજ રાધેશ્યામ મીના ની હાલની ડીફોલ્ટ જામીન માટેની અરજી ક્રિ.પ્રો.કો.કલમ–૧૬૭(૨) ની જોગવાઈ મુજબ મંજુર કરવામાં આવે છે.

અરજદાર/આરોપી ધરમરાજ રાધેશ્યામ મીના નાઓને FILE NO. DRI/AZU/GI-02/ENQ-30/2022, કસ્ટમ એકટ ૧૯૬૨ ની કલમ ૧૩૫ અન્વયેના ગુનાના કામે તેઓ રુ.૧,૦૦,૦૦૦/-(અંકે રુપીયા એક લાખ) ના સધ્ધર જામીન તથા તેટલીજ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી તેમને નીચે મુજબની શરતોને આધીન ડીફોલ્ટ જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

<u>શરતો :-</u>

૧. અરજદાર/આરોપીએ દર અંગ્રેજી માસની તા.૧ થી ૫ સુધીમાં છ માસ સુધી ડીપાર્ટમેન્ટ વિભાગમાં હાજરી પુરાવવી.

૨ અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના સાહેદોનો સંપર્ક સાધવો નહી તેમજ તેઓને ધાકધમકી કે કોઈપણ જાતનું પ્રલોભન, લોભ લાલચ આપી ફોડવાની કોશીશ કરવી નહી.

૩. અરજદાર/આરોપીએ પોતાના કાયમી રહેઠાણના, ઓળખ અંગેના પુરાવા તથા પોતાના મોબાઈલ નંબરની વિગતો જામીન મુકત થયેથી દિન-૭ માં ડીપાર્ટમેન્ટ સમક્ષ રજુ કરવા.

૪. અરજદાર/આરોપીએ ડીપાર્ટમેન્ટને તપાસના કામે સંપુર્ણ સાથ સહકાર આપવાનો રહેશે.

૫ અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો અત્રેની કોર્ટમાં જામીન પર મુકત થયા બાદ દિન-૫ માં જમા કરાવી દેવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામું રજુ કરવું.

૬. અરજદારે કોર્ટની પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહી.

હુકમ આજ રોજ તા.૧૭ મી સપ્ટેમ્બર સને ૨૦૨૨ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૭/૦૯/૨૦૨૨.

(ભાવેશકુમાર હીરાલાલ કાપડીયા)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ.**(GJ00687)**